# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

SGCCI

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/101 Dt. 11/09/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'ઇકો-ફ્રેન્ડલી ગણેશ મૂર્તિ' વર્કશોપનું આયોજન કરાયું

## માટીમાંથી મૂર્તિ બનાવી પ્રકૃતિ પ્રત્યેની જવાબદારી નિભાવીએ: ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા

સુરત, 10 સપ્ટેમ્બર 2026: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા ગણેશોત્સવ નિમિત્તે પર્યાવરણ સંવર્ધનના હેતુથી નવજીવન લક્ઝરી કાર્સ ખાતે 'ઇકો-ફ્રેન્ડલી ગણેશ મૂર્તિ' વર્કશોપ યોજાઇ હતી.

ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, "પોતાના હાથે માટીમાંથી ગણેશજીની મૂર્તિ ઘડવી એ શ્રદ્ધામય અનુભવ સાથે પ્રકૃતિ પ્રત્યેની સાચી જવાબદારી છે. જેમ માટીને પ્રેમ અને શ્રદ્ધાથી સુંદર આકાર આપી શકાય છે, તેમ પરિશ્રમ અને સકારાત્મકતાથી આપણે જીવનને પણ શ્રેષ્ઠ ઘાટ આપી શકીએ છીએ."

આ વર્કશોપમાં કલાકાર શ્રીમતી શ્વેતાબેન શાહે માટીની પસંદગી, તૈયારી અને મૂર્તિ ઘડવાની વિવિધ તકનીકો અંગે પ્રાયોગિક માર્ગદર્શન આપ્યું હતું. સહભાગીઓએ ઉત્સાહભેર જાતે માટીની મૂર્તિઓ બનાવી POP અને કેમિકલયુક્ત મૂર્તિઓ ન વાપરવાનો સંકલ્પ લીધો હતો.

કાર્યક્રમની રૂપરેખા આર્ટ એન્ડ કલ્ચર કમિટીનાં ચેરપર્સન સુશ્રી કૃતિકા શાહે આપી હતી, જ્યારે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી અતુલ પટેલ, કમિટીના એડવાઇઝર શ્રીમતી સ્વાતિબેન શેઠવાલા અને કમિટીના સભ્યો વર્કશોપમાં ઉપસ્થિત રહ્યા હતા. વર્કશોપમાં કલાકાર પરિચય ડૉ. અંકિતા રાજ્યગુરુએ કરાવ્યો હતો. સુશ્રી અંજલિએ ગણેશ વંદના રજૂ કરી હતી. સંચાલન સુશ્રી રાધિકા મહેતાએ અને આભારવિધિ ગ્રૂપ ચેરમેન શ્રી શૈલેષ દેસાઇએ કરી હતી.